# હે...માં, સકળ રોગ સમૂળ કાપો...



પ્રમુખ પ્રાઇડ સોસાયટી, પ્રતિક મોલની પાછળ, રાંદેસણમાં કોરોના મા સરકારશ્રીના નિયમોનું પાલન કરી ને છઠ્ઠા દિવસની આરતીનો લાભ નિલેષભાઈ જોષી (ગાંધી) અને તેમના પરીવારને મળ્યો અને માતાજીના આશિર્વાદ પ્રાપ્ત કર્યા અને ધન્યતા અનુભીવી.



સેકટર-૨૪ શિવ ફલેટ ખાતે નવરાત્રીની સાદાઈથી ઉજવણી કરવામાં આવી રહી છે. વસાહતીઓ સોશિયલ ડિસ્ટન્સ સાથે આરતીમાં જોડાયા હતા.



પાલજ ગામમાં રામજી મંદિરના ધર્મચોક માંડવી ખાતે માતાજીની આરતી ભાવપૂર્વક ઉતારવામાં આવી હતી. ભાવિક તેમાં શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. આ ઉપરાંત ગામમાં ભાગોળે, નવા ગામ, જૂના ગામ વગેરે સ્થળોએ અલગ અલગ મંદિરોમાં આરતી અને પૂજા કરવામાં આવી હતી.



લાયાન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા સેકટર ૨ડી, ૧૭૫૫/૨ ખાતે માતાજીની પૂજા તેમજ આરતી કરવામાં આવી તેમાં લાયન પ્રમુખ ઉમંગ પંડ્યા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા અને લીયો પ્રમુખ વિનય જયસિંઘાણી ત્રણેય કલબના પૂર્વ પ્રમુખો તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.




લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા ઈ-નોરતાં અંતર્ગત ખેલૈયાઓને વિવિધ કેટગરીમાં ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ગાંધીનગરના વંકાણી પરિવાર દ્વારા નવરાત્રી નિમિતે પોતના ઘરે જ માતાજી નું સ્થાપન કરી અને ગરબા રમી નવરાત્રીના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.



સાર્થક સફલ સોસાયટી, વાવોલ ખાતે નવરાત્રી નિમિતે સોશિયલ ડિસ્ટન્સ સાથે આરતી નું આયોજન કરવામાં આવ્યું જેમાં સૌ બાળકો સહિત માસ્ક સાથે જોડાયા હતા.



ગુજરાતમાં નવરાત્રી પર્વ ઉજવાય રહયુ છે ત્યારે કાંકરીયા ખાતે શ્યામ ફલેટના રહીશો દ્વારા સરકારી નિર્દેશ પ્રમાણે પરિવારના સભ્યો ટેડીશનલ ડેસ સાથે ગરબા રમી નવરાત્રીની ઉજવણી કરી રહયા છીએ.




સેક્ટર-૨૧ માં જન જાગૃતિ નવરાત્રિ ઉત્સવ ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા યોજાયો. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ઈન્ડિયન લાયન્સના સભ્યો આરતીમાં જોડાયા હતા.



સર્વ વિદ્યાલય કેળવણિ મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કુલમાં નવરાત્રી ઓનલાઈન ઉજવણી કરાઈ હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ઓનલાઈન ગરબા રમાડ્યા હતા, તેમાં બાળકો સરસ મજાનો ટ્રેડિશનલ કપડા પહેરીને ઓનલાઈન ગરબા રમ્યા હતા.